ચિદમ્બરમને ભારે ફટકો

નવી દિલ્હી, તા. ૧૩

ભૂતપૂર્વ કેન્દ્રિય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમને આજે વધુ એક મોટો ફટકો પડ્યો હતો. દિલ્હીની એક અદાલતે મની લોન્ડરિંગ સાથે સંબંધિત મામલામાં સેરેન્ડર કરવા માટે પી ચિદમ્બરમની અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે ગુરુવારના દિવસે પોતાનો આદેશ એક દિવસ માટે સુરક્ષિત રાખી દીધો હતો. સુનાવણી દરમિયાન ઈડીએ કોર્ટમાં કહ્યું હતું કે, તેઓ હાલમાં ચિદમ્બરમની ધરપકડ કરવા માટે ઈચ્છુક નથી. ઈડીએ ચિદમ્બરમની સેરેન્ડરની અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે, તેઓ હાલમાં જેલમાં છે જેથી સાક્ષીઓ અને પુરાવાઓને પ્રભાવિત કરી શકે તેવી સ્થિતિમાં નથી. ઈડીએ એમ પણ કહ્યું છે કે, તેઓ આ મામલામાં અન્ય છ લોકોની પુછપરછ કરવા માટે ઈચ્છુક છે. પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમની મોડેથી ધરપકડ કરવાની ઈચ્છા ઈડી દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ચિદમ્બરમના વકીલ કપિલ સિબ્બલે કહ્યું હતું કે, આની પાછળ ઈડીની યોજના ચિદમ્બરમને વધારે પરેશાન કરવાની રહેલી છે. ઈડીએ કોર્ટમાં એમ પણ કહ્યું હતું કે, આઈએનએક્સ મિડિયા મની લોન્ડરિંગ મામલામાં પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમની ધરપકડની જરૂર દેખાઈ રહી છે. યોગ્ય સમયમાં કાર્યવાહી કરવામાં આવશે. ખાસ ન્યાયાધીશ અજયકુમારની સામે મની લોન્ડરિંગ સાથે જોડાયેલા આઈએનએક્સ મામલામાં

હાલ તિહારની જેલમાં જ રહેવું પડશે

શરણાગતિની માંગ કરી રહેલા ચિદમ્બરમની અરજીનો વિરોધ કરવામાં આવ્યો હતો. આઈએનએક્સ મિડિયા ભ્રષ્ટાચારના મામલામાં ૭૩ વર્ષીય ચિદમ્બરમ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. તેમની તપાસ સીબીઆઈ દ્વારા કરવામાં આવી રહી છે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. ચિદમ્બરમને એક પછી એક મોટા ફટકા પડી રહ્યા છે. ઈડીએ આજે ચિદમ્બરમના મામલામાં જોરદાર રજૂઆત કરી હતી. ચિદમ્બરમ હાલમાં જેલમાં રહેશે. કારણ કે, તેમની સેરેન્ડર માટેની અરજીને કોર્ટે ફગાવી દીધી હતી. આઈએનએક્સ મિડિયા કેસમાં ચિદમ્બરમ છેલ્લા ઘણા સમયથી મુશ્કેલી અનુભવી રહ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ગઈકાલે પણ કહેવામાં આવ્યું હતું કે, આઈએનએક્સ મિડિયા મની લોન્ડરિંગ કેસમાં ચિદમ્બરમની ધરપકડ જરૂરી બની ગઈ છે. ચિદમ્બરમ સામે હાલમાં મુશ્કેલ ઓછી થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. કપિલ સિબ્બલે કહ્યું હતું કે, ૨૦ અને ૨૧મી ઓગસ્ટના દિવસે તેમની ધરપકડ કરવા કોંગ્રેસી નેતાના આવાસ ઉપર ઈડીની ટીમ પહોંચી હતી પરંતુ હવે તેઓ તેમની ધરપકડ કરવા માટે ઈચ્છુક નથી જેથી એવું લાગે છે કે, જ્યુડિશિયલ કસ્ટડીમાં જ ચિદમ્બરમને રાખવામાં આવે તેવી તેમની ઈચ્છા છે. બીજી બાજુ એવી રજૂઆત કરવામાં આવી હતી કે, ચોક્કસ પાસાઓના મામલામાં પુછપરછની જરૂરિયાત દેખાઈ રહી છે. કસ્ટોડિયલ પુછપરછ સમક્ષ છ લોકોની પુછપરછ કરવાની જરૂરિયાત દેખાઈ રહી છે. પાંચમી સપ્ટેમ્બરના દિવસે ચિદમ્બરમને ભ્રષ્ટાચારના કેસમાં ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કર્યો હતો.

ડીકે શિવકુમાર વધુ પાંચ દિવસ જ્યુડિશિયલ કસ્ટડીમાં

નવી દિલ્હી,તા. ૧૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કર્ણાટક કોંગ્રેસના વરિષ્ઠ નેતા ડીકે શિવકુમારની કસ્ટોડિયલ પુછપરછને પાંચ દિવસ માટે વધારવાની દિલ્હી કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી જેને માન્ય રાખવામાં આવી હતી. આની સાથે શિવકુમારની મુશ્કેલ પણ વધી ગઈ હતી. મની લોન્ડરિંગ કેસમાં ઝડપાયેલા ડીકે શિવકુમારની મુશ્કેલી હાલમાં અનેકગણી વધી ગઈ છે. ઈડી તરફથી રજૂઆત કરવામાં આવી છે કે, તેઓ તેમના જવાબમાં યોગ્ય માહિતી આપી રહ્યા નથી. સ્પેશિયલ જજ અજયકુમારે ઈડીની અરજી ઉપર ચુકાદો અનામત રાખ્યો હતો. સાથે સાથે ટૂંક સમયમાં જ આદેશ કરવાનો સંકેત આપ્યો હતો. ઈડી દ્વારા ત્રીજી સપ્ટેમ્બરના દિવસે શિવકુમારની ધરપકડ કરવામાં આવી હતી.

દિલ્હીમાં ૪થી ૧૫ નવેમ્બર સુધી ઑડ-ઈવન લાગુ થશે : કેજરીવાલ

કેજરીવાલે દિલ્હીવાસીઓને દિવાળીમાં ફટાકડા ન ફોડવા અપીલ

ન્યુ દિલ્હી,તા. ૧૩

પ્રદૂષણનો સામનો કરવા માટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલએ રાજધાનીમાં ઑડ-ઈવન લાગુ કરવાનો નિર્ણય લીધો છે. દિલ્હીમાં ૪ નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધી ઑડ-ઈવન લાગુ કરવામાં આવશે. તેની સાથે જ દિલ્હીવાસીઓને માસ્ક પણ આપવામાં આવશે. ઓક્ટોબરમાં લોકોને ૨-૯૫ માસ્ક પૂરા પાડવામાં આવશે.

અરવિંદ કેજરીવાલ દિવાળીની આસપાસ થતાં પ્રદૂષણનો સામનો કરવા આજે પ્રેસ કોન્ફરન્સ કરી. કેજરીવાલે કહ્યું કે, પર્યાવરણ સુધાર માટે લોકોને વૃક્ષો ઉગાડવા માટે પ્રેરિત કરવામાં આવશે. તેના માટે દિલ્હી સરકાર લોકોને છોડ પૂરા પાડશે.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દીવાળીના તહેવારમાં લોકોને ફટાકડા ન ફોડવા અપીલ કરી છે. તેઓએ કહ્યું કે, દીવાળી પર ફટાકડા ફોડવાથી સમસ્યા ઊભી થાય છે. દિલ્હીના લોકોએ ફટાકડા ન ફોડવાનો સંદેશ વધુ લોકો સુધી પહોંચાડવો જોઈએ. તેના બદલે કાળી ચૌદશના દિવસે મોટો લેસર શો રાખવામાં આવશે. જેમાં તમામ દિલ્હીના લોકોને બોલાવીશું. ત્યારબાદ ફટાકડા ફોડવાની જરુર નહીં રહે.

દિલ્હીના મુખ્યમંત્રીએ નવા મોટર વ્હીકલ એક્ટના વખાણ કર્યા. તેઓએ કહ્યું કે, તેને લાગુ થવાથી ઘણો સુધાર આવશે. લોકો નિયમોનું પાલન કરી રહ્યા છે. અમે તેની પર નજર રાખી રહ્યા છે. અમે જોઈ રહ્યા છીએ કે જો ભવિષ્યમાં લોકોને તેના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે તો અમે એવો કોઈ ક્લોઝ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ જેથી લોકોની મુશ્કેલી ઓછી થઈ શકે.

નર્મદા ડેમ છલકાવાની તૈયારીમાં, સપાટી ૧૩૭.૫૮ મીટરે પહોંચી

હાલ ૨૩ દરવાજા ખોલાયા, ગોલ્ડન બ્રિજ ભયજનક સપાટીથી ૭ ફૂટ ઉપર

નર્મદા,તા.૧૩

નર્મદા જિલ્લામાં કેવડીયા કોલોની ખાતે સરદાર સરોવર નર્મદા ડેમ ઉપર દરવાજા લગાવ્યા બાદ ચાલુ ચોમાસાની મોસમમાં નર્મદા ડેમની સપાટી

સૌ પ્રથમવાર ૧૩૭.૫૮ મીટરે ઐતિહાસિક સપાટી નોંધાઈ છે. તેની સાથોસાથ નર્મદા ડેમના ૨૩ દરવાજા ૪.૧૫ મીટરે ખુલ્લા નર્મદા નદીમાં ૮ લાખ ૧૬ હજાર ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. ડેમ હાલમાં ૯૪ ટકા જેટલો ભરાઈ ગયો છે.

નર્મદા જિલ્લા કલેક્ટર આઈ.કે. પટેલે જણાવ્યું કે, નર્મદા જિલ્લામાં સરદાર સરોવર ડેમની સપાટી ૧૩૭.૪૩ મીટર નોંધાઈ છે. નર્મદા ડેમમાં ૯ લાખ ૨૩ હજાર ક્યુસેક પાણીની આવક થઈ છે અને ૮.૧૬ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. સરદાર સરોવર ડેમમાંથી પાણી છોડવાને કારણે જિલ્લાના ૨૦ જેટલા ગામોને ૩ દિવસથી એલર્ટ કરાયાં છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. આગામી સમયમાં વધુ પાણી છોડવામાં આવે તો સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તકેદારીના તમામ પગલાઓ સાથે પૂર્વ તૈયારી કરી લીધી છે. આગામી સમયમાં સરદાર સરોવર ડેમ ૧૩૮.૬૮ મીટર સુધી પહોંચશે અને ત્યાં સુધી પહોંચવામાં દોઢેક મીટર બાકી છે. તો બીજી તરફ, નર્મદા ડેમમાંથી સતત છોડાઈ રહેલા પાણીને કારણે ગોલ્ડન બ્રિજ ખાતે નર્મદા નદીની જળ સપાટી ૩૧.૨૫ ફૂટે પહોંચી ગઈ છે. હાલ ભરૂચ ખાતે નર્મદા નદી ૨૪ ફૂટની ભયજનક સપાટી વટાવી ૭ ફૂટ ઉપર વહી રહી છે. જેને કારણે ભરૂચનું તંત્ર એલર્ટ મોડ પર છે. કાંઠા વિસ્તારોમાં પૂરની સ્થિતિ યથાવત છે. સાવચેતીના કારણોસર નર્મદાના કાંઠાના વિસ્તારમાંથી ૩૯૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

પાક.ની ધરતી પર જ આતંકવાદના બીજ રોપાયા : ઈમરાન

મુજાહિદ્દીનને પાકિસ્તાને ટ્રેનિંગ આપી, તેનું ફંડિંગ અમેરિકન સંસ્થા સીઆઇએ કરતું, હવે અમને દોષી ગણાવવા અયોગ્ય,૯/૧૧ના યુદ્ધમાં ભાગ ના લીધો હોત તો આજે અમે દુનિયાનો સૌથી ખતરનાક દેશ ના બનત : ઇમરાન

ઈસ્લામાબાદ,તા.૧૩

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું કે તેમના દેશે આતંકવાદની વિરૂદ્ધ લડાઈમાં અમેરિકાને સાથ આપવાની ભારે કિંમત ચૂકવવી પડી છે. પાકિસ્તાનના પીએમે કહ્યું છે કે અમેરિકાએ અંતમાં અફઘાનિસ્તાનમાં પોતાની નિષ્ફળતાનો દોષનો ટોપલો પાકિસ્તાનના માથા પર ઢોળી દીધો તે યોગ્ય નથી.

એક ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને આતંકવાદ વિરૂદ્ધ અમેરિકાની લડાઈમાં પાકિસ્તાનને થયેલા જાન-માલના નુકસાનનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે અફઘાનિસ્તાનમાં અમેરિકા પોતાની નિષ્ફળતા માટે ઈસ્લામાબાદને દોષ આપે છે.

પીએમ ઈમરાન ખાને કહ્યું કે જ્યારે પાકિસ્તાને ૯/૧૧ હુમલા બાદ અમેરિકાને સાથ આપ્યો તો તેને ખૂબ નુકસાન ઉઠાવવું પડ્યું. તેમણે કહ્યું કે જો અમે ૯/૧૧ બાદ અમેરિકાના યુદ્ધમાં ભાગ ના લીધો હોત તો આજે અમે દુનિયાનો સૌથી ખતરનાક દેશ ના બન્યા હોત.

અફઘાનિસ્તાનમાં અમેરિકન હુમલા પર ઈમરાને કહ્યું કે ૮૦ના દાયકામાં જ્યારે સોવિયતે અફઘાનિસ્તાનમાં હુમલો કર્યો તો તેની વિરૂદ્ધ અફઘાન મુજાહિદ્દીનને પાકિસ્તાને ટ્રેનિંગ આપી જેનું ફંડિંગ અમેરિકાની તપાસ એજન્સી સીઆઈએ કરી રહી હતી. એક દાયકા બાદ જ્યારે અમેરિકન અફઘાનિસ્તાનમાં આવ્યા તો પાકિસ્તાનના એ જ ગ્રૂપોને કહેવામાં

આવ્યું કે હવે અમેરિકા ત્યાં આવી ગયું છે આથી હવે આ જેહાદ નથી પરંતુ આતંકવાદ છે. આ ખૂબ જ મોટો વિરોધાભાસ હતો.

ઈમરાને કહ્યું કે મને લાગે છે કે પાકિસ્તાને ઉદાસીન રૂખ અપનાવો જોઈતો હતો. અફઘાન યુદ્ધમાં સામેલ થવાના લીધે જ આ ગ્રૂપ અમારી વિરૂદ્ધ થઈ ગયું.

ઈમરાને કહ્યું કે તેમના દેશના ૭૦,૦૦૦ લોકોને જીવ ગુમાવા પડ્યા અને અર્થતંત્રને ૧૦૦ અબજ ડોલરનું નુકસાન થયું. અંતમાં અફઘાનિસ્તાનમાં સફળ ના થવા પર અમેરિકનોને નહીં પરંતુ અમને જ જવાબદાર ગણાવામાં આવ્યા. મને લાગે છે કે આ પાકિસ્તાનની સાથે અન્યાય છે. આ સપ્તાહે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનની મદદથી આયોજીત કરાયેલ અફઘાન તાલિબાન વાર્તાને રદ કરી દીધી હતી. ટ્રમ્પે તાલિબાનની સાથે શાંતિ વાર્તા રદ કરવા પાછળ કાબૂલમાં થયેલા તાલિબાની હુમલાના લીધે કહ્યું જેમાં એક અમેરિકન સૈનિક સહિત ૧૨ લોકોના મોત થયા.

શારદા કાંડમાં રાજીવકુમારની પુછપરછનો તખ્તો ગોઠવાયો

કોલકાતા,તા.૧૩

સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને રાજકીયરીતે ખુબ જ સંવેદનશીલ બની ગયેલા શારદા ચીટ ફંડ કેસમાં વધુ પુછપરછ માટે કોલકાતાના પૂર્વ પોલીસ કમિશનર રાજીવ કુમાર સામે નોટિસ જારી કરવામાં આવી છે. શારદા ચીટ ફંડ કૌભાંડ કેસમાં આવતીકાલે પુછપરછ માટે ઉપસ્થિત થવા રાજીવ કુમારને સૂચના આપવામાં આવી છે. રાજીવ કુમારની વ્યાપક ટિકા પશ્ચિમ બંગાળમાં પણ થઈ ચુકી છે. સીબીઆઈની ટીમ કુમારની પાર્ક સ્ટ્રીટ ઓફિસમાં આવી પહોંચી હતી. કોલકાતા હાઈકોર્ટે આ કૌભાંડના સંદર્ભમાં કુમારની ધરપકડ કરવાથી રક્ષણ આપનાર તેના ચુકાદાને દૂર કરી દેવામાં આવ્યા બાદ સીબીઆઈની ટીમ કુમારની ઓફિસ ઉપર પહોંચી હતી. કોર્ટે સીબીઆઈ નોટિસને રદ કરવાની માંગ કરતી કુમારની અરજીને પણ ફગાવી દીધી હતી. આ કેસમાં પુછપરછ કરવા માટે સીબીઆઈની ટીમ જોરદારરીતે તૈયારીમાં છે.

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન દ્વારા રાજીવ કુમારને નોટિસ ફટકારી દેવામાં આવી છે. કુમાર હાલમાં પશ્ચિમ બંગાળ સીઆઈડી એડિશનલ ડિરેક્ટર જનરલ તરીકે સેવા આપી રહ્યા છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ આ કૌભાંડમાં તપાસ કરવા રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમના ભાગરુપે કુમાર હતા. હાલમાં તેઓ પશ્ચિમ બંગાળ સીઆઈડી એડિશનલ જનરલ તરીકે કામ કરી રહ્યા છે. અન્ય ચીટ ફંડ કૌભાંડની સાથે આ કેસ ૨૦૧૪માં સીબીઈને સોંપી દેવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, રાજીવ કુમારની પુછપરછ કરવા સીબીઆઈની ટુકડી જ્યારે કોલકાતા પહોંચી ત્યારે અગાઉ ભારે હોબાળો થયો હતો. સીબીઆઈના અધિકારીઓ સાથે ઝપાઝપી કરવામાં આવી હતી. આ મામલે હિંસા ભડકી ઉઠી હતી. રાજીવકુમારના સમર્થનમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ધરણા પ્રદર્શન યોજ્યા હતા.

વિદેશ જવા રોબર્ટ વાડ્રાને લીલીઝંડી મળી : સ્પેન જશે

નવીદિલ્હી,તા.૧૩

દિલ્હીની એક અદાલતે રોબર્ટ વાઢેરાને વિદેશ જવાની મંજુરી આપી દીધી છે. જુદા જુદા વિવાદોમાં રહેલા અને કેટલાક મામલામાં તપાસનો સામનો કરી રહેલા રોબર્ટ વાઢેરાને કારોબારના સંદર્ભમાં સ્પેન જવાની મંજુરી મળી ગઈ છે. સ્પેશિયલ જજ અરવિંદ કુમારે વાઢેરાને ૨૧મી સપ્ટેમ્બરથી ૮મી ઓક્ટોબર સુધી સ્પેનના પ્રવાસે રહેવા મંજુરી આપી દીધી છે. મની લોન્ડરિંગ મામલામાં તપાસનો સામનો કરી રહેલા રોબર્ટ વાઢેરાની મુશ્કેલી આંશિકરીતે હળવી થઈ છે. રોબર્ટ વાઢેરા હાલમાં જામીન ઉપર ચાલી રહ્યા છે. આ વર્ષે એપ્રિલ મહિનામાં કોર્ટે મની લોન્ડરિંગના કેસમાં વાઢેરાને જામીન આપીને તેમના વિદેશ જવા ઉપર પ્રતિબંધ મુક્યો હતો. વાઢેરાએ જૂન મહિનામાં પણ વિદેશ જવાની મંજુરી કોર્ટ સમક્ષ માંગી હતી. જો કે, કોર્ટે એ વખતે તેમની અરજીને ફગાવી દીધી હતી. ત્યારબાદ ૯મી સપ્ટેમ્બરના દિવસે તેઓએ ફરી એકવાર વિદેશ જવા માટેની પરવાનગી માંગી હતી. આના ઉપર કોર્ટે સુનાવણી માટે ૧૨મી સપ્ટેમ્બરની તારીખ નક્કી કરી હતી. ૧૨મી તારીખના દિવસે સુનાવણી બાદ કોર્ટે આજ સુધી તેનો ચુકાદો અનામત રાખ્યો હતો અને આજે સુનાવણી વેળા રોબર્ટ વાઢેરાને વિદેશ જવાની મંજુરી આપી દીધી હતી. વાઢેરાએ આ વર્ષે જૂનમાં આવી જ અરજી કરી હતી તે વખતે તેઓ મેડિકલ હેતુથી લંડન, અમેરિકા અને નેધરલેન્ડ જવા ઈચ્છુક હતા. એ વખતે કોર્ટે અમેરિકા અને નેધરલેન્ડ જવાની મંજુરી આપી હતી પરંતુ લંડન જવા માટેની પરવાનગી આપવામાં આવી ન હતી. વાઢેરા મની લોન્ડરિંગ સાથે જોડાયેલા આરોપોનો સામનો કરી રહ્યા છે. આ સમગ્ર મામલો લંડનની એક પ્રોપર્ટી સાથે જોડાયેલો છે. આ પ્રોપર્ટી આશરે ૧.૯ મિલિયન પાઉન્ડની છે. એવા આક્ષેપ થઈ રહ્યા છે કે, આ પ્રોપર્ટી કથિતરીતે રોબર્ટ વાઢેરાની છે. જો કે, કોંગ્રેસ આને રદિયો આપે છે.

મધ્યપ્રદેશમાં ગણેશ વિસર્જન વેળા ડુબી જવાથી ૧૧ મોત

ભોપાલ,તા.૧૩

મધ્યપ્રદેશના પાટનગર ભોપાલથી આજે સવાર પડતા ખરાબ સમાચાર આવ્યા હતા. અહીં નાનકડા તળાવમાં ખટલાપુરા ઘાટ પર વહેલી પરોઢે ૪.૩૦ વાગે ગણેશ પ્રતિમા વિસર્જન દરમિયાન નૌકા ઉંધી વળી જવાથી ૧૧ લોકોના મોત થઈ ગયા હતા. આ બનાવને લઈને વિડિયો પણ સપાટી ઉપર આવ્યો છે જેમાં ૨૦ સેકન્ડનો ખૌફનાક મામલો દર્શાવવામાં આવ્યો છે. પ્રતિમા વિસર્જન દરમિયાન એકાએક હાહાકાર મચી ગયો હતો. ટૂંકમાં જ લોકો પાણીમાં ડુબવા લાગી ગયા હતા. જાન બચાવવા માટે પાણી ઉપર હાથ પગ પછાડતા નજરે પડ્યા હતા. કેટલાક લોકો બચાવવા માટે પણ પહોંચે છે પરંતુ તે ગાળા સુધી ખુબ મોડુ થઈ ગયું હતું. આ બનાવ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુખ વ્યક્ત કર્યું છે. દુખની આ ઘડીમાં પીડિત પરિવારો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરવામાં આવી છે. વિડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, ગણેશ પ્રતિમાને પાણીમાં વિસર્જિત કરવામાં આવ્યા બાદ નૌકાનું સંતુલન બગડી ગયું હતું અને જે લોકો નૌકા ઉપર ઉભા હતા તે લોકો પાણીમાં પડી ગયા હતા. એક બાજુ નૌકામાં રહેલા લોકોએ બચાવવામાં પ્રયાસ કર્યો હતો. લોકો મદદ કરવા માટે તૈયાર હતા પરંતુ યોગ્ય સમય ઉપર મદદ કરવા પહોંચી શક્યા ન હતા. આશરે ૧૫ સેકન્ડ બાદ જ બીજી નૌકા પહોંચી ગઈ હતી.

દાહોદમાં ૭ ઈંચથી વધુ વરસાદ

દાહોદમાં પૂરની પરિસ્થિતિને જોતાં જિલ્લા કલેકટરે અધિકારીઓને હેડકવાર્ટર નહી છોડવા તાકીદ કરી : ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ

ગુજરાતના જુદા જુદા ભાગોમાં અતિભારે વરસાદનો દોર જારી રહ્યો છે. મધ્ય, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં કેટલાક ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો છે. મોનસુનની સિઝન પૂર્ણ થવા આવી છે ત્યારે અતિભારે વરસાદનો દોર જારી રહ્યો છે. આજે દાહોદ, વલસાડ, નવસારી સહિતના વિવિધ ભાગોમાં અતિભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. દાહોદમાં સાત ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી જતાં જનજીવન ખોરવાઈ ગયું હતું. દુકાનો અને ઘરોમાં પાણી ઘુસી ગયા હતા. મોટાભાગના વિસ્તારોમાં ઘુંટણ સુધીના પાણી ભરાઈ જતાં લોકો અટવાયા હતા. વાહનો બંધ પડી ગયા હતા. જનજીવન મોટાભાગે અટવાઈ પડ્યું હતું. આજે નવસારીના ખેરગામમાં પણ પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. નવસારી ઉપરાંત

વલસાડ જિલ્લામાં પણ ભારે વરસાદ રહ્યો હતો. ઉત્તર ગુજરાતના શામળાજી, માલપુર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. ભારે વરસાદ વચ્ચે ગલતેશ્વરથી વડોદરા જિલ્લાનો સંપર્ક તુટી ગયો હતો. વ્યારા, માંડવી, પલસાણામાં પાંચ ઈંચથી પણ વધુ વરસાદ થયો હતો. દક્ષિણ ગુજરાતની તમામ નદીઓ પણ હવે બે કાંઠે થઈ છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હાલ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે આજે રાજ્યમાં મધ્ય ગુજરાતમાં મેઘરાજા વધુ પડતા મહેરબાન થઈને વરસ્યા હતા. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં અને દાહોદ જિલ્લામાં સાત ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જ્યારે નવસારી જિલ્લાના ખેરગામમાં અને વલસાડ શહેરમાં છ ઈંચ વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગે આવતીકાલે પણ રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. પંચમહાલના દાહોદમાં આજે માત્ર ત્રણથી ચાર કલાકમાં સાત ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સમગ્ર પંથક જાણે જળતરબોળ બની ગયો હતો.

ડુંગળીમાં કિંમતો ઘટી : હવે તહેવારો ઉપર રડાવશે નહીં

નવીદિલ્હી,તા.૧૩

ગયા મહિનામાં કિંમતોમાં બે ગણો વધારો થયા બાદ ડુંગળીના હોલસેલ કિંમતોમાં નરમીનો દોર શરૂ થઈ ચુક્યો છે. કારોબારીઓને અંદાજ છે કે, ડુંગળીની કિંમતોમાં હવે કોઈ વધારો થશે નહીં. મોંઘવારીની વચ્ચે આશરે ૫૦ હજાર ટન સ્ટોક ખોલનાર નેશનલ એગ્રિકલ્ચર કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશને પણ હવે બજારમાં ઉતારવામાં આવી રહેલા ડુંગળીના પ્રમાણ અથવા જથ્થાની સમીક્ષા કરી છે. દેશમાં સૌથી મોટી મંડી તરીકે ઓળખાતી આઝાદપુરમાં ડુંગળી ઓગસ્ટના છેલ્લા સપ્તાહમાં ૩૫ રૂપિયા પ્રતિ કિલોની સરેરાશ કિંમત સુધી પહોંચી ગયો હતો અને ૩૦ રૂપિયા પર સ્થિર થયો હતો. હાલના દિવસોમાં છુટક કિંમતો દરેક ગ્રેડમાં ૩થી પાંચ રૂપિયા સુધી ઘટી ગઈ છે. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, હાલમાં ઉંચી ગુણવત્તામાં ડુંગળીની કિંમત ૨૫ રૂપિયા સુધી થઈ ગઈ છે. સપ્લાયમાં કોઈ તંગીના સંકેત દેખાઈ રહ્યા નથી. જ્યાં સુધી વરસાદ ખતમ થવાની વાત છે. હજુ થોડાક સમય સુધી વરસાદ જારી રહી શકે છે. નાસિક અને બીજા દક્ષિણી રાજ્યોમાંથી સપ્લાય ઘટી જવાની આશંકા દૂર થઈ ચુકી છે. આગામી એક સપ્તાહમાં કર્ણાટકમાંથી ડુંગળીનો નવો જથ્થો પણ આવી શકે છે. આઝાદપુરમાં ડુંગળી ત્રણ ગ્રેડમાં ૧૫ રૂપિયાથી લઈને ૨૫ રૂપિયા સુધી કારોબારમાં છે.

હવે વિધાનસભા ખાતરી સમિતિ અભ્યાસ પ્રવાસે

ગાંધીનગર,તા.૧૩

રાજ્ય સરકારે આપેલી ખાતરીઓ સંદર્ભે ગુજરાત વિધાનસભા દ્વારા રચાયેલી ખાતરી સમિતિ આગામી તા. ૧૮ અને ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ બે દિવસ માટે અલંગ, ઘોઘા, દહેજ-ભરૂચ, નર્મદા ડેમ તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીના અભ્યાસ પ્રવાસે જશે, એમ ગુજરાત વિધાનસભા, સચિવાલયની યાદીમાં જણાવાયું છે. સમિતિ ૧૮મી સપ્ટેમ્બરે સવારે ૭.૦૦ કલાકે સદસ્ય નિવાસથી નિકળી અલંગ-ભાવનગર પહોંચશે. અલંગ ખાતે અલંગ બંદરની રૂપરેખા અંગે પ્રેઝન્ટેશન, અનુસૂચિત જાતિના શીપ બ્રેકરો- મુખ્ય એશોસીએશન સાથે બેઠક યોજશે.

નિયમન માટે સજ્જ... ● છેલ્લા પાનાનું ચાલુ

પીયુસી મેળવવા માટે વાહનોની કતાર લાગે છે. સવારથી સાંજ ઢળે ત્યાં સુધી ટ્રીચક્રી તેમજ ફોર વ્હીલર પીયુસીનુ પ્રમાણપત્ર માટે વાહનોની કતાર લાગે છે. દાયકાઓ જુના અને કંગાળ વાહનો નગરમાં પ્રદુષણ ફેલાવતા હોવાના લીધે ગ્રીન સીટીમાં પ્રદુષણની માત્રા પણ વધી રહી છે. જયારે ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે શહેરમાં પૈડા પરની જિન્દગી જોખમી બની રહી છે. આવા સંજોગોમાં

શહેરમાં વિવિધ સર્કલો સહીતના વિસ્તારમાં લગાવેલા સી સી કેમેરા પણ કસુરવારોને દંડવા માટે સજ્જ છે. ત્યારે નગરજનો પણ ટ્રાફિકનિયમના અમલ માટે ખુટતા પરિબળોને યોગ્ય કરવા માટે કામે લાગી ગયા છે શહેર - જિલ્લામાં કાર્યરત ૧૫ જેટલા પીયુસી સેન્ટરો પર રોજ સવાર થતા જ વાહનચાલકોની કતાર લાગે છે. રૂ ૨૦ થી માંડીને ૧૦૦ સુધીની નિયત ફી માં પીયુસી સર્ટીફીકેટ મેળવવા માટે દ્વિચક્રી વાહનોની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. આ ઉપરાંત નવા દંડની અમલવારી પુર્વે નગરની આર ટી ઓ કચેરીમાં પણ લાયસન્સ સહીતની કાર્યવાહી માટે વાહનચાલકોનો વિશેષ ઘસારો જોવા મળી રહ્યો છે. આર ટી ઓ કચેરી દ્વાર પ્રતિદિન ૨૨૦ જેટલા વાહનચાલકોનો ડ્રાઈવીંગ લાયસન્સ માટે ટ્રેક પર ટેસ્ટ લેવામાં આવે છે. જયારે લાયસન્સ રીન્યુ માટે પણ આર ટી ઓ કચેરીને રોજ ૧૫૦ જેટલી અરજીઓ મળે છે. જયારે ૧૦ જેટલા હેવી લાયસન્સ માટે પણ વાહનચાલકો ડ્રાઈવીંગ ટેસ્ટ આપે છે. શહેરમાં ટ્રાફિક સિગ્નલ લગાવી દેવાયા બાદ ટ્રાફિકનુ સંચાલન કાંઈક અંશે યોગ્ય થયુ છે. અલબત્ત આનુસંગિક વ્યવસ્થાઓના અભાવ વચ્ચે હજુ પણ ટ્રાફિકનુ સંચાલન યોગ્ય રીતે થઈ શકતુ નથી. ત્યારે દંડ વસુલી ઉપરાંત રીક્ષા સ્ટેન્ડનો અભાવ અને રખડતા ઢોરની સમસ્યા સહીતના માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને પણ યોગ્ય કરવા માટે હજુ યોગ્ય પગલા લેવા અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.